**અમદાવાદનાં એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૭, અમદાવાદમાં,**

ફોજદારી કેસ નં.૫૮૨૦૩/૧૯

ફરીયાદીઃ સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ દિપક અશોક ધર્મસાદાણી ×૫

**–:: જજમેન્ટ ::–**

આરોપીએ બનાવની તારીખે જુગાર રમી રમાડી મળી આવી આ અદાલતની હકુમતમાં જુગારધારા કલમઃ૧૨(અ) મુજબનો ગુનો કરેલ હોઈ, આ અદાલતમાં ચાર્જસીટ રજુ થયેલ છે.આરોપીએ કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી, આ તેમનો પ્રથમ ગુનો હોઈ, ગરીબ માણસો હોઈ, આર્થિક પરિસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબશ્રીનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરું છું.

**:: હુકમ ::**

દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમઃ૧૨ ના ભંગ બદલ રૂ.૩૦૦× ૬ = ૧૮૦૦(અંકે અઢારસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. આરોપીની ઉમંર જોતાં તેમજ તેમનાં પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખતા સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગગાની રહેશે. મુદામાલ રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. મોબાઈલ સંબધે વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪ /૧૨/૨૦૧૯, સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ
જજ કોડ નં.૦૦૯૮૩

અમદાવાદ
તા.૧૪/૧૨/૧૯